# ટ્રેક નં. ૩૯ : હેય, ઉપાદેય વિષે

✻ હેય ઉપાદેય વિષે સાંભળીએ પૂજ્ય બહેનશ્રીના શબ્દમાં.

✻ માંગલિક :

✻ ભક્તિ : ભાવો શુભાશુભ છે હેય, સ્વ જ્ઞાયક છે ઉપાદેય,
એવી જિન આજ્ઞા તું માન રે.

**✻ પ્રશ્ન : એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈ વાર શાસ્ત્રમાં જ્ઞેય તરીકે કહેવામાં આવે છે. કોઈવાર વળી હેય છે એમ પણ વર્ણન આવે છે. કોઈવાર એ પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય કહેવામાં આવે છે. એક પર્યાય સંબંધી ઘણા પ્રકારો આવે છે શાસ્ત્રોમાં. તો એમાં ભેદવિજ્ઞાનની જ્યોતિ પ્રગટ કરવા માટે કઈ વાત મુખ્ય કરવી ? હેય છે એમ મુખ્ય કરવું, જ્ઞેય છે એમ મુખ્ય કરવું કે ઉપાદેય છે એમ મુખ્ય કરવું ?**

● ઉત્તર : એ દૃષ્ટિની અપેક્ષાએ એને હેય કહેવામાં આવે છે. કારણ કે જે ચૈતન્ય સ્વભાવ–અનાદિ અનંત જે અખંડ જ્ઞાન પોતે પરિપૂર્ણ સ્વભાવ ભરેલો છે–એના દર્શન ગુણ, ચારિત્ર આદિ અનંત ગુણો જે દર્શન, ચારિત્ર, અનંત ગુણો–જે સ્વભાવ સહજ દર્શન, સહજ જ્ઞાન, સહજ ચારિત્ર, સહજ આનંદ સ્વભાવથી ભરેલા છે. પરિપૂર્ણ છે. તે પરિપૂર્ણ છે અને અખંડ ઉપર દૃષ્ટિ કરવાથી એ જે અધૂરી પર્યાયો છે તે અધૂરી પર્યાયો આત્માનું ગુણ સ્વરૂપ નથી માટે એને હેય એ દૃષ્ટિએ કહેવામાં આવે છે. અહીંયા પરિપૂર્ણ સ્વભાવની અપેક્ષાએ–દૃષ્ટિની અપેક્ષાએ એને હેય કહેવામાં આવે છે. એને 'જાણવા યોગ્ય' કહેવામાં આવે છે. પણ જે અધૂરી પર્યાય–સાધનાની પર્યાયો જે છે, એ વચ્ચે આવ્યા વગર રહેતી નથી. માટે જ્ઞાનમાં જાણવા યોગ્ય છે, અને પાછી આદરવા યોગ્ય છે. કારણ કે હજી અધૂરી પર્યાયો–દર્શન અને જ્ઞાન બે પ્રગટ થાય તો ચારિત્ર કાંઈ બધું પરિપૂર્ણ સાથે થાતું નથી. એટલે એણે સાધના કરવાની રહે છે.

સ્વરૂપમાં લીનતા કરવાની રહે છે, માટે એ પર્યાય એને આદરણીય પણ હોય છે. જ્ઞાનમાં એ આદરણીય કહેવાય છે, દૃષ્ટિની અપેક્ષાએ હેય કહેવામાં આવે છે. જેમ છે એમ નિશ્ચય વ્યવહારની સંધિ જો સમજે તો એની સાધના આગળ જાય, દૃષ્ટિમાં એને જ્ઞાયક એક મુખ્ય રાખીને, પરિપૂર્ણ જ્ઞાન. એમાં અધૂરી પૂરી પર્યાયને પણ એને ગૌણ કરવામાં આવે છે, અધૂરી પર્યાય જેટલોય હું નથી, હું તો અખંડ જ્ઞાયક. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તોય તે મારી પર્યાય છે. હું તો એક દ્રવ્ય છું. પણ સાધનામાં વચ્ચે સમ્યગ્દર્શનથી માંડીને નિર્મળ પર્યાય પ્રગટ થાય એ બધી સાધનામાં આવે છે માટે એ અપેક્ષાએ એને ઉપાદેય (કહેવાય છે). કેવળજ્ઞાનની પર્યાય પણ એ સાધના કરતા એને પ્રગટ થાય છે માટે એની અપેક્ષાએ ઉપાદેય છે. પણ દૃષ્ટિની અપેક્ષાએ એને હેય કહેવામાં આવે છે. ૧.

✻ પ્રશ્ન : પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય કહ્યું ?

● ઉત્તર : પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય કહ્યું. એને પુરુષાર્થ કરવાનો રહે છે. દૃષ્ટિ અને જ્ઞાન પ્રગટ છે. લીનતા હજી ઓછી છે, સ્વાનુભૂતિની દશા પ્રગટી, પણ એ સ્વાનુભૂતિ ક્ષણે ક્ષણે એની વૃદ્ધિ થાય અને સ્વાનુભૂતિરૂપ જ પોતે થઈ જાય. જેવો આત્મા છે તે પ્રમાણે શાશ્વત સ્વાનુભૂતિરૂપ જ થઈ જાય એમ ને એમ. એવી દશા પ્રગટતી નથી માટે તેની અપેક્ષાએ આદરણીય છે. ક્ષણે-ક્ષણે મુનિઓ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અંતરમાં જાય અને બહાર આવે છે, તો પણ એની અધૂરી પર્યાયો એ વારંવાર એની સાધનાની પર્યાય ચાલ્યા જ કરે છે. 'હું અપ્રમત્ત કે પ્રમત્ત નથી' એવી દૃષ્ટિ હોવા છતાં એ સાધનાની પર્યાયમાં ઝૂલતા હોય છે. એમ કરતા કરતા શ્રેણી માંડે છે. 'હું જ્ઞાયક તે જ્ઞાયક છું'. તો પણ સાધનાની પર્યાય વચ્ચે હોય છે. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અપ્રમત્ત દશામાં, વળી પ્રમત્તદશામાં આવતાં આવતાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સાધનામાં એ આવ્યા વગર રહેતું નથી. એ

પરિણતિની દોરી એ સ્વભાવ તરફ, જ્ઞાન જ્ઞાનને ખેંચતો પોતે સ્વાનુભૂતિ તરફ ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરે, દૃષ્ટિનો જોર વધારતો જાય છે અને સ્વાનુભૂતિની દશા પ્રગટ કરતો જાય છે એ સાધનામાં એ હોય છે. દૃષ્ટિ બધાને હેય માને છે. દૃષ્ટિ બધાને ગૌણ કરે છે. ૨.

* પ્રશ્ન : આમાં જ્ઞાન જ્ઞાનને ખેંચતું એટલે શું?

● ઉત્તર : જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી પોતે જ્ઞાયક તરફ જે પરિણતિ ગઈ છે એ પરિણતિ પોતાની પોતા તરફ ખેંચે છે. જ્ઞાન જ્ઞાનને ખેંચે છે. જ્ઞાયક તરફ જે જ્ઞાન ગયું. જ્ઞાયક તરફ પરિણમે એટલે જ્ઞાન પોતે પોતા તરફ પોતાની પરિણતિને ખેંચે છે. જે વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતું પોતે સાધનાને વધારતું જાય છે. ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતું જાય છે. ૩.

* પ્રશ્ન : દ્રવ્ય બાજુ લો તો એકાંત ખેંચાઇ જાય તો?

● ઉત્તર : એકાંત એટલે એ બધું છોડી દેવાનું છે. એક જ દ્રવ્ય છે એમ થાય કાં તો પર્યાય ઉપર જોર આવે. ૪.

* પ્રશ્ન : આ ખુલાસો તો બહુ સુંદર છે.

● ઉત્તર : (દૃષ્ટિ) પ્રગટ થઈ ગઈ પછી કાંઈ કરવાનું જ નથી રહેતું એવું નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ થયું પણ પછી હજી લીનતા પ્રગટ કરવાની બાકી રહે છે. ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે. એની પોતાની પરિણતિ પોતા તરફ એકદમ વાળતો જાય છે. વિભાવ તરફ જતી પરિણતિ સ્વભાવ તરફ ખેંચતો જાય છે. એ હેય માને છે છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે. હું આમ તો અખંડ છું તો પણ વિભાવની પર્યાય જે થઈ રહી છે ને સ્વભાવ પર્યાય જે ઓછી છે એને જાણે છે અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે. ૫.

* પ્રશ્ન : સાધકની વિચક્ષણતા પણ અસાધારણ સૂક્ષ્મ છે.

● ઉત્તર : તે બેઉ મેળ તેવો જ છે. કારણ કે એમાં વ્યવહારનો પક્ષ નથી આવી જતો. જિજ્ઞાસુને એમ આવી નથી જાતો. પોતે નક્કી

કર્યું હોય કે બસ 'આનાથી ધર્મ નથી વ્યવહારથી. એમ નિશ્ચય કર્યો હોય તો પણ કાર્યમાં જોડાય તો એમાં વ્યવહારનો પક્ષ કાંઈ આવી નથી જતો. કોઈ પ્રયોજનને કારણે એવા વ્યવહારના કાર્યમાં જોડાવાનો પ્રસંગ બને. કોઈ ભક્તિના કાર્યોમાં પોતાને ઉમળકો આવે ને જોડાવાનું બને એટલે એમાં કાંઈ વ્યવહારનો પક્ષ આવી નથી જતો. એ તો જેને ભેદજ્ઞાન પ્રગટ થયું. એને એવા પ્રસંગ બને. આચાર્યો કોઈ ધવલ શાસ્ત્રો લખે છે, અને કોઈ અધ્યાત્મ લખે એટલે એમાં કાંઈ પક્ષ આવી જાય છે? કોઈ મુનિઓ ભક્તિના શાસ્ત્ર લખે— પદ્મનંદી આચાર્ય એટલે એમાં વ્યવહારનો પક્ષ નથી (આવી જતો) એ તો ભેદજ્ઞાનની ધારા છે, એમ પણ જિજ્ઞાસુઓએ નક્કી કર્યું છે કે આ બધું બધા વિભાવથી હું છૂટો ચૈતન્યદ્રવ્ય. એમ નક્કી ભલે, પોતે બુદ્ધિથી કર્યું છે. તો એને પોતાને સ્વયં કોઈને એવી પરિણતિ કોઈ એવી ભક્તિના ભાવ આવે, અને એમાં જોડાય અને એવા કોઈ પ્રયોજનો પડે ને એમાં જોડાય તોય એમાં કાંઈ ભક્તિના કાર્યમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. ૬.

*** પ્રશ્ન : જિજ્ઞાસુનું નક્કી કરવામાં કચાશ તો એ તો પોતાનું કારણ છે, નહીં કે એવા પરિણામ આવે છે એવા પક્ષમાં ખેંચાય જાય છે.**

● ઉત્તર : પરિણામ આવે છે કે એવા ભક્તિના કાર્યોમાં કે ભક્તિના ભાવ આવે છે તો એમાં એ જોડાય તો એમાં કાંઈ પક્ષ નથી. એમાં જો નક્કી કરે કે 'આમાં સર્વસ્વ છે અને આમાંથી જ મને લાભ થવાનો' એમ માને તો એને પક્ષ થયો. મારો સ્વભાવ તો બધા શુભભાવથી જુદો છે. પણ એને પરિણતિ શુભની કે એવી જાતની ભક્તિની આવે અને કાંઈ પ્રયોજન પડે તો એમાં જોડાય એટલે એને કાંઈ પક્ષ નથી આવી જતો. જ્ઞાયકથી છૂટી નથી જતો. 'હું જ્ઞાયક છું' એ જ્ઞાયકનું અસ્તિત્વ એણે ગ્રહણ કર્યું. 'વિભાવથી ન્યારો, અધૂરી પૂરી પર્યાય જેટલો હું નથી, ગુણના ભેદ પણ મારામાં નથી,' ઈ જે

દૃષ્ટિ સ્થપાઈ એ જ્ઞાયક ઉપરથી ખસતી નથી પણ એને જ્ઞાનમાં છે કે આ વિભાવ ઉભો છે, હજી અધૂરી પર્યાય છે, પૂરો સ્વભાવ છે તો વેદન અંશે થાય છે. સ્વાનુભૂતિની દશા પ્રગટે અને જ્ઞાયકની સવિકલ્પ ધારામાં અંશે શાંતિનું વેદન થાય પણ હજી પુરું નથી, અધુરું છે. હજી આ વિભાવની બધી–વિકલ્પની જાળ ઊભી છે એને જાણે છે. એમાંથી પોતાની પરિણતિને પોતે છૂટો પાડતો, એનો પુરુષાર્થ કરતો, તે દૃષ્ટિની સાથે એને પુરુષાર્થની દોરી સાથે ને સાથે જ હોય છે. એ ભેદ, વિભાવમાં એકત્વ થાતો નથી. એને જેટલી જેની ઉગ્રતા થાય એ પ્રમાણે કરતો જાય છે. એમ કરતા કરતા જ એની ભૂમિકા પલટાય છે. ચોથી ભૂમિકાએ હોય, એમાં પાંચમી, છઠ્ઠી, સાતમી ભૂમિકાએ પોતાની સ્વભાવની દોરીને ખેંચતો એવી એની વિરક્તિ, જ્ઞાનની ઉગ્રતા. જ્ઞાતાની તીખાશ, જ્ઞાતાધારાની અને વિરક્તિ એની વધતી જાય છે એટલે એને સ્વભાવની એકદમ નિર્મળતા થતી જાય છે. સ્વાનુભૂતિની દશા વધે છે. એ સાથે જ રહે છે, એ વિચાર એમ નથી કરતો કે પ્રગટની અપેક્ષાએ આમ છે પણ એની પુરુષાર્થની દોરી ચાલુ જ છે. દૃષ્ટિ ચાલુ છે ને પુરુષાર્થની દોરી પણ સાથે ચાલુ છે. સાધકદશા જેને પ્રગટે એ પોતાના માર્ગે તો ચાલ્યો જાય છે. કોઈ બહાર કહે કે ન કહે પણ સાધકની દશામાં એની આવી દશા હોય જ છે. ૭.

* પ્રશ્ન : શુદ્ધભાવ અધિકારમાં (આવે છે કે) જીવાદિ સાત તત્ત્વ હેય છે અને આત્મા જ્ઞાયક છે (એટલે શું?)

● ઉત્તર : બધા ભાવો જતા રહે. એક આત્મા જ્ઞાયક છે, બીજા ભાવો બધા–ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ઉદય ભાવ, ક્ષાયિક ભાવ, (બધા હેય છે) એક પારિણામિક ભાવ એક જ ગ્રહણ કરવા યોગ્ય, બીજું બધું હેય છે. વચ્ચે આવે છે એ તો. ઉપશમ-ભાવની પર્યાય પ્રગટ થાય છે. ક્ષાયિકભાવ એ તો આત્માની શુદ્ધ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. ક્ષયોપશમ ભાવ એ અધૂરી પર્યાયો છે,

એ બધી પર્યાયો ઉપર દૃષ્ટિ નહી કરતાં અનાદિ અનંત પારિણામિક ભાવ છે એને ગ્રહણ કરે. આત્મા ગ્રહે છે. પારિણામિક ભાવ એટલે આખો આત્મા—અખંડ આત્મા અનાદિ અનંત છે એને ગ્રહે છે. ઓલા બધા ભાવો તો બધી પર્યાયો છે. અનાદિ અનંત જે આત્મા છે એને ગ્રહણ કર. ઓલી તો બધી પ્રગટ થાય છે. ઉપશમ ભાવ ને ક્ષાયિકભાવ ને બધા. એને ગ્રહણ નહીં કરવા. એક પારિણામિક ભાવને ગ્રહણ કરવો. તો એ તત્ત્વનું મૂળ અસલી સ્વરૂપ એણે ગ્રહણ કર્યું છે. ઓલું તો ઉપર. એનું અસલી સ્વરૂપ તો પ્રગટે છે સ્વરૂપ અનાદિ અનંત સ્વરૂપ પારિણામિક ભાવ છે. એને ગ્રહણ કર એને ગ્રહણ કરવાથી મૂળ ચૈતન્ય તત્ત્વનું અસલી મૂળ એને ગ્રહણ કર. અસલી સ્વભાવ ગ્રહણ કરે છે. અસલી સ્વભાવ જો ગ્રહણ કરે તો એમાંથી નિર્મળતા પ્રગટ થાય છે. અસલી સ્વભાવ જો ગ્રહણ ન કરે તો એમાંથી નિર્મળતા પ્રગટતી નથી. ૮.

✻ પ્રશ્ન : સાચી અર્પણતા જેને છે તેને શુભભાવનો આદર નથી. છતાં દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા કેમ આવે છે?

● ઉત્તર : સ્વભાવમાં એ નથી, સ્વભાવમાં શુભભાવનો એને આદર એવી વસ્તુસ્થિતિએ નથી, એની દૃષ્ટિમાં આદર નથી. એક ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કર્યું પણ વચ્ચે શુભ આવ્યા વગર રહેતું નથી. માટે શુભ ભાવના આવે એને ચૈતન્યની એટલી મહિમા છે કે આ ચૈતન્ય જ સર્વસ્વ અંગીકાર કરવા જેવું છે. બીજું કાંઈ આ જગતમાં સારભૂત નથી. આ વિભાવ છે. એ આ આત્માનો સ્વભાવ નથી. દુઃખરૂપ, આકુળતારૂપ છે. તો એણે જે આવા સ્વભાવને જે પ્રાપ્ત કર્યા સંપૂર્ણપણે અને પુરુષાર્થ કરીને સ્વરૂપમાં લીન થઈ ગયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને જે સ્વરૂપમાં વારંવાર લીન થાતા હશે એવા મુનિવરો ક્ષણે ક્ષણે એ બધાનો એને એટલો બધો આદર આવે છે. કારણ કે એને સ્વભાવનો એટલો પોતાને આદર છે કે આ વિભાવ છે એ હેયરૂપ જ છે મારો સ્વભાવ જ આદરણીય છે. માટે

સ્વભાવ આદરણીય એવો એને અંતર્ગત પરિણામમાંથી યથાર્થ દૃષ્ટિ અને યથાર્થ પ્રતીતિ એવી થઈ છે કે જે જેણે પ્રગટ કર્યું એના ઉપર એને મહિમા પણ એટલી આવે છે. શુભભાવ આદરણીય નથી માનતો તો પણ એ શુભભાવમાં જ્યારે ઉભો છે ત્યારે એને હેય બુદ્ધિએ 'આ મારો સ્વભાવ જુદો ને વિકલ્પ જુદા' તો પણ એ શુભભાવમાં એને જે નિમિત્તો દેવગુરુશાસ્ત્ર એના ઉપર એને મહિમા પણ એટલી જ આવે છે કારણ કે એને સ્વભાવની એટલી મહિમા છે અને વિભાવ તુચ્છ લાગ્યું છે. માટે જેણે આ પ્રગટ કર્યું, જે એની સાધના કરે છે. એના ઉપર એને મહિમા પણ એટલી જ આવે છે. એની મહિમાનું એ કારણ છે કે પોતાની સ્વભાવની મહિમા છે જેથી જેણે સ્વભાવ પ્રાપ્ત કર્યો એમાં એને યથાર્થ મહિમા આવે છે. અંતર્દ્રષ્ટિમાં પાછું શુભભાવ મારો સ્વભાવ નથી એમ માને છે. એ ક્ષણે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. તો પણ એને શુભભાવમાં એને પુણ્ય આદરણીય નથી. શુભભાવનો રસ એને ઘણો પડે ને સ્થિતિ ઓછી પડે છે. ૯.

**✻ પ્રશ્ન : આપણે વાત થઈ'તી કે જેને પોતાનો મહિમા આવે છે એને સાચા નિમિત્તનો પુરો મહિમા આવે છે.**

● ઉત્તર : યથાર્થ પોતાના મહિમા આવે તો યથાર્થ મહિમા આવે દેવ-ગુરુ-શાસ્ત્રનો. ૧૦.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.